For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# જીએસટી કૌભાંડમાં ઈકો સેલના 25 પેઢી ઉપર દરોડા

**આઇટીસી** કૌભાંડનો આંકડો 500 કરોડને પાર પહોંચ્યો

**સરકારને** કરોડો રૂપિયાનો ચૂનો લગાડવા માટે 650 બોગસ પેઢી ઊભી કરવામાં આવી

સુરત : ક્રાઈમ બ્રાન્ચની ઈકો સેલની ટીમ દ્વારા સંયુક્ત રીતે ટીમો બનાવી એક સાથે સુરત શહેરના અલગ અલગ ૨૫ સ્થળોએ ફ્રોડ જીએસટી કૌભાંડમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ કૌભાંડમાં સંડોવાયેલી ૨૫ જેટલી પેઢીઓની હાલ તપાસ ચાલી રહી છે આ કૌભાંડના છેડા અન્ય રાજ્ય સુધી પહોંચ્યા હોવાનું પણ જાણવા મળે છે. દરમિયાન કુલ 650 જેટલી પેઢીઓ મારફત કૌભાંડીઓએ રોકડી કરી હોવાની વિગત બહાર આવી છે. કર્ણાટક, તામિલનાડુ, મહારાષ્ટ્ર, દિલ્હી, ઝારખંડ, તેલંગણા, પોંડીચેરી, છત્તીસગઢ, આસામ, રાજસ્થાન મધ્યપ્રદેશ, દમણ અને દિવ ખાતેથી કૌભાંડીઓ આ રેકેટ ઓપરેટ કરી રહ્યાં હોવાનું પણ જાણવા મળે છે. આ GST કૌભાંડ ફક્ત ગુજરાત પુરતું સિમીત ન રહેતાં આંતરરાજ્ય સ્તરે ફેલાયેલ હોય જે દિશામાં પોલીસ દોડતી થઈ છે. આ પ્રકરણમાં આંગડિયા પેઢીઓ મારફત જે કરોડોના ટ્રાન્જકશન થયા છે તેનુ પગેરૂ મેળવવા માટે પોલીસ સફળ નીવડી છે. જેથી ઓપરેશન જીએસટી હેઠળ વધુ ૨૫ જેટલી પેઢીઓ શોધી કાઢી સરકાર સાથે થયેલ છેતરપીડીની

અનુસંધાન પાના પાંચ પર

### આ રીતે કરોડો રૂપિયાનું જીએસટી કૌભાંડ આચરવામાં આવ્યું

ખોટા દસ્તાવેજો આધારે ડમી પેઢીઓ બનાવી તેનાં નામે 51 રજિસ્ટ્રેશન નંબર મેળવી, તે પેઢીનું બેંક એકાઉન્ટ ખોલાવી, ખોટા બીલો બનાવવામાં આવ્યા હતાં. ગેરકાયદેસરના નાણાકીય વ્યવહારો કરી કરાવી GST પોર્ટલમાં ખોટી રીતે ફાઇલિંગ કરાયા હતાં. ગેરકાયદેસર રીતે સરકાર પાસેથી ટેક્સ ક્રેડિટ મેળવી આર્થિક ફાયદો મેળવવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ બ્લોકડ GST નંબરથી અથવા ફેઇક GST નંબરથી વેચાણ બિલ બનાવવામાં આવે છે. ત્યારબાદ ડમી GST નંબર મેળવી ચાર થી પાંચ પેઢીઓમાં સેલ-પરચેઇઝનાં ટ્રાન્જેક્શન ફેરવવામાં આવે છે. ત્યારબાદ અંતે જેન્યુઇન પેઢીથી નાણા (ઇનપુટ ટેક્સ ક્રેડિટ) સરકારમાંથી મેળવી લે છે. આ વ્યવહારમાં પ્રથમ બિલ બન્યા

અનુસંધાન પાના પાંચ પર



(તસવીર : ઈલ્યાસ શેખ)

# કોંગ્રેસે સરદારનું નામ ભૂંસવા કોઈ જ કસર છોડી નથી : અમિત શાહ

**કડોદરા** ખાતે અકળામુખી હનુમાનજી મંદિરના મેદાનમાં ગૃહમંત્રી અમિત શાહે જાહેર સભાને સંબોધી

પલસાણા: પલસાણામાં કડોદરા ખાતે અકળામુખી હનુમાનજી મંદિરના મેદાનમાં બુધવારે સાંજે દેશના ગૃહમંત્રી અમિત શાહની જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમિત શાહે જાહેરસભાના સંબોધનમાં મોદી સરકારની ઉપલબ્ધિઓ ગણાવી કોંગ્રેસને આડે હાથ લીધી હતી.

વિધાનસભાની ચૂંટણીનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે. ત્યારે સુરત જિલ્લાની દરમિયાન બારડોલી અને મહુવા વિધાનસભાના ભાજપના ઉમેદવારના પ્રચાર માટે કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે કડોદરા અકળામુખી હનુમાનજી મંદિર ખાતે એક જાહેર સભાને સંબોધી હતી. આ સભાની શરૂઆતમાં જ અમિત શાહે કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, બારડોલીની ખમીરવંતી પ્રજાએ વલ્લભભાઈને સરદાર બનાવ્યા હતા અને સરદાર પટેલનું નામ ઇતિહાસમાંથી ભૂંસી નાંખવા માટે કોંગ્રેસે કોઈ કસર છોડી નથી. પહેલા પંડિત નહેરુ, બાદ ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને ત્યાર બાદ સોનિયા ગાંધીના નામે જ દેશ ચલાવે છે. સરદારનું નામ કેન્દ્રમાં ભાજપની સરકાર આવ્યા બાદ જ સરદારને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અપાવ્યું છે.

દુનિયામાં સૌથી ઊંચી પ્રતિમા બનાવી દેશ અને દુનિયામાં સરદારને પ્રતિભાની ઝાંખી કરાવી છે. કોંગ્રેસના નેતાઓ સરદારના ફોટા ઉપર પુષ્પાંજલિ પણ અર્પણ કરી શકતા નથી. તેમના મતે તો દેશમાં એક જ પરિવાર છે. જવાહરલાલ નહેરુથી લઈ સોનિયા ગાંધી સુધી વંશવાદથી ચાલતી આ પાર્ટી છે. લોકશાહી માત્ર ભાજપમાં જ જોવા મળે છે. અહીં ચાવાળી વ્યક્તિ પણ આગળ વધી શકે છે. કોંગ્રેસમાં આગળ આવવું હોય તો મોટા વંશમાં અથવા મોટા માબાપને ત્યાં જન્મ લેવું જરૂરી છે. 1995 પહેલાનું ગુજરાત એટલે કોમી રમખાણ જોવા મળતાં હતાં. પીરઝાદા જેવા મંત્રીના ઘરમાંથી બોમ્બ મળ્યા, વલસાડનો ઇજ્જુ શેખ આરડીએક્સ લાવે છે, ભાજપના શાસન દરમિયાન છેલ્લાં 22 વર્ષમાં ગુજરાતમાં કરફ્યુ નથી.

હળપતિ સમાજમાં 60 વર્ષ દરમિયાન કોંગ્રેસે ધ્યાન આપ્યું ન હતું. ભાજપના શાસનમાં હળપતિ સમાજ માટે અલગ બોર્ડ બનાવી 11 લાખથી વધુ ઘરોનું નિર્માણ કર્યું. પાણી સહિતની સુવિધા તેમને મળી રહે તેમની તકેદારી રાખી છે. 24 કલાક વીજળી, રસ્તા જેવી સુવિધા ભાજપના શાસનમાં જ ઊભી થઇ છે. ઇતિહાસ જુઓ સુરતની સૂરત ભાજપના શાસનના બદલાઈ છે. કચરાના ઢગલા વચ્ચે રહેતું સુરત હવે સફાઈમાં અને સ્વચ્છતામાં દેશમાં મોખરે છે. અમિત શાહે બારડોલીના પટેલ સમાજની વાત કરતાં જણાવ્યું હતું કે, બારડોલીના પટેલે દુનિયામાં ડંકો વગાડ્યો છે. વિદેશમાં જઈ દેશનું નામ ઉજ્જવળ કર્યું છે. હવે થોડા સમયમાં જ સુરતથી વિશ્વમાં જવા માટે એરપોર્ટનું નિર્માણ કરાશે. અયોધ્યામાં વણથંભી ભાજપની વિકાસ યાત્રા ચાલુ જ છે. રામમંદિર બનવાની શરૂઆત થઈ છે. 1 જાન્યુઆરી-2024ના રોજ રામમંદિર તૈયાર થઈ જશે. કાશી વિશ્વનાથ કોરિડોર, ગુજરાત સોમનાથનું મંદિર બનાવવા માટે કે પાવાગઢના મંદિરના જીર્ણોદ્ધાર સહિતનાં કામો ગણાવ્યાં હતાં.

# પહેલા ફોનમાં આંગડિયાથી રૂપિયા લેવા કહ્યા, બીજો ફોન રૂપિયા ક્યાં પહોંચાડવા તે માટે આવવાનો હતો

**મહિધરપુરા** ચેકિંગમાં સ્ટેટિક ટીમને ઇનોવા કારમાંથી રોકડા રૂ.74.80 લાખ મળ્યા, મામલો આઇટીમાં પહોંચ્યો

સુરતઃ મહિધરપુરામાં ચેકિંગ કરતાં જ સ્ટેટિક ટીમને એક ગાડીમાંથી રોકડા રૂ.74.80 લાખ મળી આવ્યા હતા, જેમાં ઇનોવા ડ્રાઇવર અને એક યુવક પકડાઈ ગયો હતો. જ્યારે અન્ય ત્રણ યુવક ભાગી જવામાં સફળ રહ્યા હતા. આખી ઘટનાને રાજકીય રૂપ આપવાનો પ્રયાસ થતાં ભારે હોબાળો મચ્યો હતો. આ મામલે આઇટી ડિપાર્ટમેન્ટે પણ તપાસ હાથ ધરી હતી. પણ હજી સુધી રૂપિયા કોના છે? અને ક્યાંથી આવ્યા છે? સહિતની બાબતો બહાર આવી નથી.

આગામી પહેલી ડિસેમ્બરની સુરત શહેર-જિલ્લાની 16 વિધાનસભાની બેઠકની ચૂંટણીને જોતાં મંગળવારે મોડી

અનુસંધાન પાના પાંચ પર

### પાંચેક પોલીસે દોઢ કલાકે રૂ.74.80 લાખ ગણ્યા

મહિધરપુરામાં કારમાંથી પકડાયેલા રોકડ રૂ.74.80 લાખ મળતા જ પોલીસ અધિકારીઓ પણ દોડતા થયા હતા. ડ્રાઇવર સહિતના યુવકની પૂછપરછ બાદ પોલીસ મથકમાં જ રોકડા રૂપિયાની ગણવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પાંચેક જેટલા પોલીસ જવાનોએ દોઢ કલાકની જહેમત ઉઠાવીને 500 રૂપિયાની ચલણી નોટો ગણવાનું કાર્ય હાથ ધર્યું હતું.

### 75 લાખ મામલે ઈડી તપાસ કરશે, કોંગ્રેસના આક્ષેપો ખોટાઃ ભાજપ

ઈનોવા કારમાંથી રોકડા રૂપિયા 75 લાખ પકડાવા મામલે કોંગ્રેસ દ્વારા આ ભાજપનું ષડયંત્ર હોવાના કરાયેલા આક્ષેપો સામે ભાજપના પ્રવક્તા ડો.જગદીશ પટેલે જણાવ્યું હતું કે, આ કામગીરી ચૂંટણી તંત્રની ટીમ અને પોલીસ દ્વારા કરવામાં આવી છે. જેમાં ભાજપને કોઈ લેવાદેવા હોતી નથી. કોંગ્રેસ દ્વારા ભાજપ પર જે આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તે ખોટા છે. આ અંગે ઈડી દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવશે.

### રોકડ રકમ કે આરોપીઓ સાથે અમને કોઈ પ્રકારના સંબંધ નથીઃ કોંગ્રેસ

મહિધરપુરામાં મંગળવારે મોડી રાતે તપાસમાં મહારાષ્ટ્ર પાસિંગની કારમાંથી કોંગ્રેસના વીવીઆઇપી પાસ મળી આવ્યા હોવાની વાત બહાર આવી હતી. પણ તે મામલે કોંગ્રેસ પાર્ટીના નૈષધ દેસાઇએ સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ સાથે કોંગ્રેસ પાર્ટીને બદનામ કરવામાં આવી રહી છે. રોકડ કે આરોપીઓ સાથે કોંગ્રેસને કોઈ સંબંધ નથી અને હવે જ્યારે આ પ્રકરણમાં આઇટી ડિપાર્ટમેન્ટ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે તો આગામી દિવસમાં સત્ય બહાર આવશે.

# હિન્દુ યુવતીને ફસાવતા હોવાના આક્ષેપ સાથે મહાવીર કોલેજમાં વીએચપીના કાર્યકરોએ વિધર્મીને માર માર્યો

**મારામારીનો** વિડીયો વાયરલ થતા જ કુલસચિવે કમિટી બનાવી તપાસ હાથ ધરી

સુરતઃ વેસુની ભગવાન મહાવીર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થઈ હોવાનો વીડિયો વાયરલ થયો હતો. જેની જાણ કુલસચિવને થતાં જ તેમણે તપાસ કમિટી બનાવીને તપાસ હાથ ધરી છે. પણ વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારી મામલે વાત એવી સંભળાય છે કે યુનિવર્સિટીમાં કેટલાક વિધર્મી વિદ્યાર્થીઓ હિન્દુ યુવતીઓ સાથે સંપર્ક વધારતા હોવાથી મારામારી થઈ હોવાનું બહાર આવ્યું છે. આખી ઘટના એમ હતી કે બુધવારે એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં દસેક વિદ્યાર્થીઓએ એક વિદ્યાર્થીને ઢીક મુક્કી સાથે લાતોનો માર મારી રહ્યાં હતાં. જે જોઈને યુનિવર્સિટીની ફેકલ્ટી અને સિક્યુરિટી ગાર્ડ માર ખાતા વિદ્યાર્થીને બચાવવા માટે જાય છે. પરંતુ દસેક વિદ્યાર્થીઓ તેમની પણ વાત માનતા નથી અને

અનુસંધાન પાના પાંચ પર

### તપાસ કમિટીના રિપોર્ટના આધારે કાર્યવાહી થશે

"આખી ઘટના સોમવારે બની હતી. પરંતુ વિદ્યાર્થીઓ કોણ છે? કોલેજના છે કે પછી બહારના છે? અને શા માટે મારામારી કરી? જેવી બાબતો જાણવા માટે અમે તપાસ કમિટી બનાવી છે. આ તપાસ કમિટીના રિપોર્ટ આવ્યા બાદ અમે બેઠક કરીશું. જે પછી તેમના રિપોર્ટમાં લખાયેલા સૂચન પર ચર્ચા વિચારણા કરયા બાદ કાયદેસરની કાર્યવાહી કરીશું.

**કુલસચિવ, ભગવાન મહાવીર યુનિવર્સિટી**

# 6 સ્થળે સર્ચમાં ITને 250 કરોડની જમીન-ફાયનાન્સનાં ડોક્યુમેન્ટ મળ્યાં

**2 કરોડની** રોકડ અને 5 કિલો સોનું પણ સીઝ કરવામાં આવ્યું હતું

**આવકવેરા** વિભાગે બુધવારે એક બેન્ક લોકર ખોલ્યું હતું, જેમાં 40 લાખની બીજી રોકડ મળી હતી

સુરતઃ સુરતના અલથાણ, વેસુ, અડાજણ-પાલ અને સોનગઢના મોટા ખેડૂત ખાતેદાર, જમીન દલાલ અને ફાયનાન્સરોનાં 6 સ્થળ પર સર્ચ દરમિયાન આવકવેરાને બગાસું ખાતા પતાસું મોંમાં આવી પડ્યું હોય એવો ઘાટ સર્જાયો છે. ત્રણ દિવસના સર્ચ ઓપરેશન દરમિયાન 250 કરોડનાં ડોક્યુમેન્ટ જપ્ત કરવામાં આવ્યાં છે. આ ડોક્યુમેન્ટમાં જમીન-મિલકતની ખરીદી, વેચાણના દસ્તાવેજ, બિલ્ડર્સ અને વેપારીઓને વ્યાજે આપેલાં નાણાંના હિસાબની ડાયરીઓ, ટેક્સટાઇલ અને બાંધકામ ઉદ્યોગમાં કરવામાં આવેલા રોકાણની વિગતો સાથેના થેલા ભરી ડોક્યુમેન્ટ જપ્ત કરવામાં આવ્યાં છે. જેનાં વેરિફિકેશનની કામગીરી માટે આઇટીના 40 કર્મચારીને કામે લગાડવામાં

અનુસંધાન પાના પાંચ પર

### 250 કરોડમાંથી 70 કરોડની જમીનના દસ્તાવેજો એકલા જમ્બુ શાહને ત્યાં મળ્યા

આવકવેરા વિભાગની ઇન્વેસ્ટિગેશન વિંગનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, સર્ચ દરમિયાન વેસુના એસ્ટેટ બ્રોકર અને ફાયનાન્સર જમ્બુ શાહ-દોશીને ત્યાં ફિલ્મીઢબે સર્ચ કાર્યવાહી પહેલા બિલ્ડિંગની ચારે તરફ પાર્કિંગના એરિયામાં આઇટી અધિકારીની ટીમ ગોઠવી કાર્યવાહી કરવામાં આવી હતી. અહીં આઇટી અધિકારીઓ ઘરમાં પ્રવેશ કરે એ પહેલાં બીજા માળની ગેલેરીમાંથી 50 લાખ રોકડ અને

અનુસંધાન પાના પાંચ પર

### 7 લોકરની હવે તપાસ કરાશે

સર્ચ કાર્યવાહી દરમિયાન કુલ 8 બેન્ક લોકરની માહિતી મળી હતી, જેમાં એક લોકર બુધવારે ખોલવામાં આવ્યું હતું. બાકીનાં 7 લોકરની હવે તપાસ કરવામાં આવશે. અલથાણમાં જમીન લે-વેચ સાથે સંકળાયેલા અર્જુન પટેલ અને બળવંત પટેલને ત્યાંથી કરોડોનાં ડોક્યુમેન્ટ મળી આવ્યાં છે. બળવંતને ત્યાંથી 25 લાખ રોકડા પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

# બારડોલીમાં ત્રણ વર્ષની બાળકી ઉપર 14 વર્ષના તરુણે બળાત્કાર ગુજાર્યો

**માતાપિતા** બહારગામ ફરવા ગયા હોવાથી તરુણ ઘરમાં એકલો હતો

બારડોલીઃ બારડોલી નજીકની એક સોસાયટીમાં 14 વર્ષીય તરુણે ત્રણ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારતાં ચકચાર મચી ગઈ છે. પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તરુણને ડિટેઈન કર્યો છે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીની એક સોસાયટીમાં રહેતા 14 વર્ષનો તરુણ સોમવારે સાંજે તેની સામેના ઘરમાં રહેતી 3 વર્ષની બાળકીને રમાડવાના બહાને તેના

અનુસંધાન પાના પાંચ પર


IIA~IIID SHOWCASE INFINITY 2 2022 EXHIBITION & DESIGN FESTIVAL
બદલાશે સૌની જીવનશૈલી
આર્કીટેક્ચર અને ઇન્ટીરીયર ડિઝાઇન ક્ષેત્રનું સૌથી મોટુ પ્રદર્શન
25 26 27 NOVEMBER, 2022 SIECC, SARSANA
સમયઃ સવારે 10 થી સાંજે 6.30 પ્રવેશ નિશુલ્ક REGISTER FOR EXPRESS ENTRY AT VENUE
PLATINUM SPONSOR: TRIYOM REALTY, PRABHUSURAT | GOLD SPONSORS: Telesia, MARUTI, Shipra, Behomes | HOST: INDIAN INSTITUTE OF INTERIOR DESIGNERS Surat Regional Chapter



### શ્રદ્ધાંજલિ



સ્વ .રોહિતભાઈ કિશોરભાઈ વાવીયા
તા. 19 11 2022 (ઉં.વ.31) ગામ:ઓળિયા

સ્નેહના સાગર સમા હર કોઈને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મીત, અંતરમાં ઉર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.
શૈલેષભાઈ રણુભાઈ આલગિયા
મુકેશભાઈ રણુભાઈ આલગીયા

### ૧૪મી પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી હસમુખલાલ તુલસીદાસ લુંગીવાલા
સ્વ. તા. ૨૪/૧૧/૨૦૦૮ કારતક વદ - ૧૨

વર્ષો વિતશે, વિતશે કાળ અમાપ, હૈયાના કણ કણમાં છો સદાય સજીવન આપ, સાથ છોડીને સર્વનો, આપ વસ્યા પ્રભુના આવાસ, શાંતિ પામો સર્વદા, એ જ અમારી ઈચ્છા, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લિ.
સ્વ. ચંદ્રીકાબેન હસમુખલાલ લુંગીવાલા
રાજેન્દ્ર હસમુખલાલ મનીલાવાલા
કેતન હસમુખલાલ મનીલાવાલા
મનોજ હસમુખલાલ મનીલાવાલા
તથા સમગ્ર મનીલાવાલા (લુંગીવાલા) પરિવાર

### चौदहवी पुण्यतिथि पर भावभीनी श्रध्धांजलि
(चक्षुदाता)



स्व. सावित्रिदेवी अग्रवाल
स्व. दि. 24/11/2008

न भुलेंगे उम्रभर हम आपको, याद हमेंशा आयेगी आपकी।
जब याद आपकी आती है, आखे आंसू से भर आती है।
बिछड गये आप हमसे बीच राहो में, दिलो से न जा पाओगे।

: श्रध्धावनत :
MANISH GROUP

### શ્રી સુરતી મોઢવણિક અવસાન



સ્વ. વસુમતીબેન રમેશચંદ્ર મહેતા
સ્વ. તા. ૨૩/૧૧/૨૦૨૨

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી વસુમતીબેન રમેશચંદ્ર મહેતાનું તા. ૨૩/૧૧/૨૦૨૨ ને બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના

સદ્‌ગતની શોકસભા
૨૪/૧૧/૨૦૨૨ એ સવારે ૯:૩૦ કલાકે નીચેના નિવાસ સ્થાને રાખેલ છે.

શોકાતુર પરિવાર
સ્વ. રમેશચંદ્ર મગનલાલ મહેતા
પંકજ રમેશચંદ્ર મહેતા (પુત્ર) | સુષ્મા પંકજભાઈ મહેતા
ચંદ્રમોહન રમેશચંદ્ર મહેતા (પુત્ર) | અમિતા ચંદ્રમોહન મહેતા
ઉમેશ રમેશચંદ્ર મહેતા (પુત્ર) | પુર્વી ઉમેશભાઈ મહેતા
નીતા પંકજભાઈ ગોળવાળા (પુત્રી)
રીટા શૈલેષભાઈ મોદી (પુત્રી)

નિવાસ સ્થાન
૬૫, જીવીબા પાર્ક સોસાયટી, ન્યુ સીટી લાઈટ રોડ, ચાઈના ટાઉનની પાછળ, અલથાણ, સુરત. મો. : ૯૮૨૫૪ ૨૫૪૭૭, ૯૮૨૫૪ ૦૦૬૨૩

### ॥ બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ॥



સ્વ. સુશીલાબેન વસંતલાલ તાણાવાલા
સ્વ. તા. ૨૪-૧૧-૨૦૨૦

નથી હયાત પણ સાથે છો તેવું હંમેશા લાગ્યા કરે છે હર ક્ષણ તારી ઉપસ્થિતિનો આભાસ થયા કરે છે. અમારી જીંદગી બની આવી તું, અમારા જ માટે જીવી તું, તારો ચહેરો ને તારુ વ્યકિતત્વ કયારેય ભૂલાશે નહિ તારી ઉપસ્થિતિ અમારી હુંફ હતી. પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લિ.
વસંતલાલ છોટાલાલ તાણાવાલા
સતીશ વસંતલાલ તાણાવાલા | માધવી સતીશ તાણાવાલા
રીટા કેતનકુમાર વખારીયા | કેતનકુમાર વખારીયા
માયા અતુલકુમાર વૈદ્ય | સ્વ. અતુલકુમાર વૈદ્ય
જાગૃતિ દેવેન્દ્રકુમાર જરીવાલા | દેવેન્દ્રકુમાર જરીવાલા
ઝિલ, લીઝા, વિકી, નેવિલ, જશ, પ્રિત, ધ્વનિ, જેનિશા,ઝેક
તથા સમસ્ત તાણાવાલા પરિવાર

### પ્રથમ પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. દયાકોરબહેન ચંપકલાલ શેઠના (પનીરવાલા)
સ્વ. તા. ૨૪/૧૧/૨૦૨૧

"તમો હતા તો અમોને હુંફ હતી,
તમારી હયાતી અમારું આત્મબળ હતું,
તમો હતા તો જવાબદારીનો ભાર નહોતો,
કદી માતાના રૂપે, તો કદી મિત્ર સ્વરૂપે,
તમારો હાથ અમારી ઉપર છે આશીર્વાદ રૂપે,
જીવનમાં પ્રેમથી હાથ ફેરવી બેટા કહેનારા નહીં મળે,
કોને કહીએ વેદનાની વાત, છાના ખૂણે રડી લઇશું,
આંસુ લુછનાર હવે નહી મળે."

શેઠના પરિવારના જયશ્રીકૃષ્ણ
મો. ૯૮૨૫૭૯૩૯૪૬

### દુઃખદ અવસાન



સ્વ. વિનોદીની (વાલીબેન) ડાહ્યાભાઈ કંથારીયા
સ્વ. તા. ૨૩-૧૧-૨૦૨૨

દિલગીર સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી વિનોદીની (વાલીબેન) ડાહ્યાભાઈ કંથારીયાનું તા. ૨૩-૧૧-૨૨ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતની અંતિમયાત્રા ગુરૂવાર તા. ૨૪/૧૧/૨૨ નાં રોજ સવારે ૮:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને થી નીકળી કુરુક્ષેત્ર જહાંગીરપુરા જશે.

લિ. શોકાતુર :
ભરત કંથારીયા (રીટા.એલઆઈસી)
હિતેન્દ્ર કંથારીયા (મુનટેક્ષ મીલ)
રમેશચંદ કંથારીયા (રીટા. યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ. કંપની)

નિવાસસ્થાન : ૨૦, ધનલક્ષ્મી બંગ્લોઝ, સ્વસ્તીક એવન્યુની સામે, નક્ષત્ર એપાર્ટમેન્ટની પાસે, પાલ, સુરત - ૩૯૪૫૧૦

### અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

નોંધ : ૨૦ કો. સે.મી.થી વધુ સાઈઝની જાહેરાતોનાં વધારાના સે.મી. પર ડીસપ્લે રેટ લાગશે.
(+GST EXTRA)
ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

### બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.ગંગીબેન હરીલાલ દલાલ
સ્વ.તા.૨૪/૧૧/૨૦૨૦
(ઉંમર આશરે ૯૩ વર્ષ)

પળે પળે યાદ આવે છે તમારી,
નજરે તરે છે તસ્વીર તમારી,
અમોને ખોટ રહેશે સદા તમારી,
આવું જોઈ ભીંજાય છે આંખડી અમારી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ.હરીલાલ નાથુલાલ દલાલ
જયેશકુમાર હરીલાલ દલાલ (પુત્ર) - સ્વ.મીનાક્ષીબેન જયેશકુમાર દલાલ (પુત્રવધૂ)
સની જયેશકુમાર દલાલ (પૌત્ર) - વીમ્મી સની દલાલ (પૌત્રવધૂ)
કિઆન સની દલાલ (પ્રપૌત્ર)
તથા સમસ્ત દલાલ પરિવાર

### રાજપૂત સમાજના દાનવીર ભામાશાને શ્રદ્ધાંજલિ



સ્વ.મહેન્દ્રસિંહ નારસિંહ ઠાકોર
સ્વ.તા.૨૦/૧૧/૨૦૨૨
ડુંભાલ-સુરત

સુરત શહેરમાં મગોબ મુકામે શ્રી દક્ષિણ ગુજરાત ક્ષત્રિય (રાજપૂત) સંઘ સંચાલિત સમાજવાડીના **દાનવીર ભામાશાશ્રી સ્વ.મહેન્દ્રસિંહ નારસિંહ ઠાકોર સાહેબ**ના દુઃખદ અવસાન બદલ અમો સૌ અત્યંત દુઃખ અને આઘાતની લાગણી અનુભવીએ છીએ. તેમના દુઃખદ અવસાનથી પરિવારજનો ઉપર આવી પડેલ આપત્તિમાં અમો સૌ સહભાગી બની પ્રભુ સદ્‌ગતના પરિવાર જનોને દુઃખ અને આઘાત સહન કરવાની શકિત અર્પે એ જ પ્રાર્થના.આપ દાનવીરની ઉદારતા, આદર્શોની સ્મરણાંજલિ સાથે અમો સ્વ. દાતાશ્રીનો ઋણ સ્વીકાર કરી પ્રભુ આવા પરોપકારી, પૂણ્યશાળી અને પવિત્ર દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ.

લિ. શોકાતુર-સમસ્ત રાજપૂત સમાજ વતી.
પ્રમુખશ્રી સહિત તમામ હોદ્દેદારશ્રીઓ તથા સમસ્ત રાજપૂત સમાજ
શ્રી દક્ષિણ ગુજરાત ક્ષત્રિય (રાજપૂત) સંઘ, મગોબ (સુરત શહેર)

### પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. મગનભાઈ ગોપાળભાઈ લાડ
સ્વ. તા. ૨૪/૧૧/૨૦૨૧

આપના અનંત યાત્રા ગમનને એક વર્ષ થઇ ગયું છતાં આપ હજી અમારા સ્મૃતિપટ પર સદાય અંકિત છો અને રહેશો.
પ્રભુ આપને શાશ્વત શાંતિ અર્પે તે જ પ્રાર્થના.

નિવાસસ્થાન:- એ-૧૧, નિર્ભય એપાર્ટમેન્ટ, આરોગ્યનગર, અઠવાલાઇન્સ સુરત-૩૯૫૦૦૧

લિ. આપના આપ્તજનો
ગં.સ્વ. નર્મદાબેન મગનભાઈ લાડ
કિશોર મગનભાઈ લાડ
અ.સૌ. કૃપલબેન કિશોરભાઈ લાડ
ચિ. અની & ચિ. જીત